

# હરિયાળી ફેલાવો

–પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

# માતા ભગવતી સ્વયંસંચાલિત પુસ્તકાલય

આ પુસ્તક ગાયત્રીમાતાની કૃપાથી આપની પાસે આવ્યું છે. આને કુટુંબના દરેક સભ્યને વંચાવશો. પુસ્તક વાંચીને અન્ય વ્યક્તિને આપશો, જેથી જ્ઞાનનો પ્રકાશ અનેક લોકો સુધી પહોંચી શકે.દીપથી દીપ પ્રગટતો રહે. આપ પણ થોડાંક પુસ્તકો સમાજમાં વહેંચો.

મૂલ્ય : રૂ. ૪.૦૦

Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# હરિયાળી ફેલાવો

પૃથ્વી પરનું જીવન વનસ્પતિ અને પ્રાણીઓમાં વહેંચાયેલું છે. બંને એકબીજાના પૂરક અને પોષક છે. પૃથ્વી પર ઘાસફૂસના રૂપમાં નાની વનસ્પતિ અને વૃક્ષ, છોડ મોટાં વૃક્ષોના રૂપમાં રહેલાં છે. એમના સહારે જ પ્રાણીઓ પોતાનું જીવન ટકાવી રાખે છે. મનુષ્યના ખોરાક તરીકે ઉપયોગી શાકભાજી, ફળ, ફૂલ પણ વનસ્પતિ જ છે. વનસ્પતિ વિના પશુપક્ષી કે માનવ કોઈ પણ જીવિત રહી શકતાં નથી. દરિયામાં અને તળાવોમાં થતા હલકી કક્ષાના ઘાસ પર જળચર પ્રાણીઓ નભે છે. હિંસક પ્રાણીઓ વનસ્પતિ ખાઈને જીવતાં પ્રાણીઓનું માંસ ખાય છે, એટલે તેઓ પણ પરોક્ષ રીતે વનસ્પતિ ઉપર જ નભે છે. દૂધનું કોઈ અલગ અસ્તિત્વ નથી. પશુઓ જે ઘાસ ખાય છે તે જ ઘાસનું દૂધ બને છે. 'વનસ્પતિ પર પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે આધાર ન રાખનારાં પ્રાણીઓ આ પૃથ્વી પર બહુ ઓછાં જોવા મળશે. પશુપક્ષીથી માંડી જીવજંતુ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને મનુષ્યો પણ ગમે તે પ્રકારે વનસ્પતિને આધારે જ જીવંત છે. સૂર્યશક્તિ અને વનસ્પતિ-જીવનના આ બંને મુખ્ય આધાર છે. જીવનમાં જેટલો પણ વૈભવ, સૌંદર્ય, જીવન, આનંદ વગેરે દેખાય છે તે આ બંને ઈશ્વરીય વિભૂતિઓની સહાય માત્ર જ છે.

વનસ્પતિનો સૌથી પહેલો અને પ્રત્યક્ષ લાભ ખોરાક તરીકેનો છે. તે સિવાય તેના લાભો પણ ઘણા છે. વનસ્પતિ સિવાયના પૃથ્વી પરના બધા જ સજીવો ઑક્સિજન વાયુ શ્વાસમાં લે છે અને કાર્બન ડાયોક્સાઈડ વાયુ મુક્ત કરે છે, પરંતુ વનસ્પતિ ખોરાક બનાવવા માટે કાર્બન ડાયોક્સાઈડ વાયુનો ઉપયોગ કરી ઑક્સિજન વાયુ મુક્ત કરે છે. આમ વનસ્પતિ હવામાં કાર્બન ડાયોક્સાઈડ વાયુનું પ્રમાણ વધી જતું અટકાવી હવા શુદ્ધ કરે છે. આ રીતે મનુષ્ય માત્ર વનસ્પતિના શ્વાસે જીવંત છે. આ આદાન-પ્રદાન એટલું બધું મહત્ત્વનું છે કે તેને વનસ્પતિમાંથી મળતા ખોરાક કરતાં પણ વધારે મહત્ત્વ આપવું જોઈએ. જો વૃક્ષો ન હોય તો હવામાં



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાર્બન ડાયોક્સાઈડ વાયુનું પ્રમાણ વધી જાય અને પૃથ્વી પર જીવનની કોઈ શક્યતા રહે નહીં.

આપણે મોટેભાગે વસ્તુઓના મૂલ્યાંકનમાં પણ ઘણી ભૂલો કરતા હોઈએ છીએ. આપણે જીવનમાં ધનદોલતને ખૂબ મહત્ત્વ આપીએ છીએ, પરંતુ જેના દ્વારા આપણું જીવન ટકી રહેલું છે તેની આપણે ઉપેક્ષા કરીએ છીએ. વનસ્પતિને આપણા જીવનનો સર્વોત્તમ સાથી માની તેની વૃદ્ધિ માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેથી વનસ્પતિનું મહત્ત્વ સમજી તેના ઉત્પાદન અને સંવર્ધન પર ધ્યાન આપવું જોઈએ.

વસતીવધારાને કારણે રહેઠાણો, ઉદ્યોગો અને રસ્તા બનાવવા માટે ઘણી ઉપજાઉ જમીન બિન-ઉપજાઉ થઈ રહી છે. પડતર જમીનો કે જેમાં ચરાણ માટેનું ઘાસ ઉત્પન્ન થતું હતું તેના પર પણ રહેઠાણો, કારખાનાં વગેરે બાંધવાને કારણે તેવી જમીન પણ ઘટી રહી છે. પરિણામે પશુપક્ષીના નિર્વાહ માટેનાં સાધનો પૂરતાં રહ્યાં નથી, તેથી તેમની સંખ્યા પણ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રતિદિન ઘટતી જાય છે.

પાકને નુકસાન કરતાં કીટકોને ખાઈ જઈને પક્ષીઓ પાકનું રક્ષણ કરે છે. પક્ષીઓ બીજ ખાઈને પોતાની ચરક દ્વારા તે બીજનું દૂર દૂર સુધી વહન કરે છે અને જ્યાં ત્યાં વૃક્ષ, ઝાડીઓ અને જડીબુટ્ટીઓ ઉત્પન્ન કરવાનું કર્તવ્ય નિભાવે છે. પશુઓનાં મળમૂત્ર અને અવશેષોનું ખાતર બને છે જે જમીનમાં નાખવાથી ઊપજ વધે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે વનસ્પતિ અને પશુપક્ષીઓ કે જે આપણી કુદરતી સંપત્તિ છે તેની જાળવણી અને સંવર્ધન થવું જ જોઈએ. જો આમ ન થાય તો જીવનમાં ભયંકર સંકટનો સામનો કરવો પડશે.

અત્યારે તો બિનઉપજાઉ જમીનને ઉપજાઉ બનાવવાના અને ઉબડખાબડ જમીનને સમતલ તથા ખેતીલાયક બનાવવાના પ્રયત્ન થઈ રહ્યા છે. પરંતુ તેનાથી પણ રહેઠાણ માટે વપરાયેલી જમીનની ક્ષતિપૂર્તિ થઈ શકે તેમ નથી. અત્યારે ખેતી માટેની જમીન મેળવવા માટે જંગલો કપાઈ રહ્યાં છે. વૃક્ષોની



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંખ્યા ઘટી રહી છે ઇંધણ માટે, મકાનો, મકાનોના નિર્માણ માટે અને ઉદ્યોગો માટે લાકડાં મેળવવા માટે જેટલી ઝડપથી વૃક્ષો કપાય છે તેટલી ઝડપથી નવાં વૃક્ષો ઉગાડાતાં નથી. આ એક બમણું સંકટ છે. વૃક્ષો ઓછાં થતાં તેમાંથી મળતાં લાકડાં મેળવવામાં મુશ્કેલી પડે છે, પરિણામે લાકડાં મોંઘાં થાય છે. વૃક્ષોના પડેલાં પાંદડાં સડવાથી જમીનને ખાતર મળે છે પરંતુ તેની કમીને કારણે જમીનની ઊપજશક્તિ ઘટશે. પરિણામે અનાજ અને ઘાસચારાની તંગી ઊભી થશે અને મનુષ્યો તથા પશુઓ માટે મુશ્કેલી ઊભી થશે.

**વૃક્ષો વરસાદ આપે છે**

આનાથી પણ વધારે મુશ્કેલી હવાની શુદ્ધતાની છે. આ રીતે વૃક્ષો કાપવાથી પોતાના પગ પર જ કુહાડો મારવા જેવું છે. જેટલાં વૃક્ષો કપાય તેટલાં નવાં વૃક્ષો ઉગાડવાં જ જોઈએ. વધતી વસ્તીની સાથેસાથે શુદ્ધ હવાની માંગ જરૂરિયાત વધશે અને તેની પૂર્તિ તો મનુષ્ય વધુ વૃક્ષો વાવવાની ઝુંબેશને



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાથ આપીને જ કરી શકે તેમ છે. પરંતુ આનાથી બિલકુલ ઊલટું થઈ રહ્યું છે. વૃક્ષો કપાતાં જાય છે, તેમની સંખ્યા ઘટતી જાય છે. પરિણામે લાકડાં તથા વનસ્પતિના અવશેષોમાંથી બનતું ખાતર મેળવવામાં બહુ મુશ્કેલી ઊભી થઈ રહી છે અને તેનાથી પણ વધારે મુશ્કેલી હવાના શુદ્ધીકરણની છે.

વૃક્ષોની ઘટતી જતી સંખ્યાને કારણે ભવિષ્યમાં ભયંકર મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. વૃક્ષોનાં મૂળ જમીનમાં ફેલાય છે તેથી પવન અને પાણીના કારણે થતું જમીનનું ધોવાણ અટકે છે. જો વૃક્ષો ન રહે તો જમીન ઢીલી પડી જાય છે, પરિણામે જોરદાર પાણીના પ્રવાહમાં ફળદ્રુપ જમીન નદીનાળામાં વહીને સમુદ્ર તરફ વહી જશે. જમીનનું ધોવાણ થશે. આવી જ રીતે જોરદાર પવનમાં પણ ભૂમિના ઉપલા પડમાં રહેલા રેતી કાંકરા વગેરે ઘસડાઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે અને ઘણી વાર ઉપજાઉ જમીન પર કે ખેતરોમાં રેતી છવાઈ જતાં તે જમીન પણ નકામી બની જાય છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે વિસ્તારો પહેલાં વૃક્ષોથી છવાયેલાં હતાં ત્યાંની જમીન ખૂબ ફળદ્રુપ હતી, પરંતુ વૃક્ષો કપાતાં જ ત્યાંની ફળદ્રુપતા ઘટી ગઈ અને રણ વિસ્તરવાં લાગ્યાં. જમીનના ઉપલા પડને ખાતર વગેરે મળવાને કારણે તે ઉપજાઉ હોય છે પરંતુ પવન અને પાણીના કારણે જમીનના ઉપલા પડનું ધોવાણ થાય તો બિનઉપજાઉ અને રેતાળ જમીન વધતી જશે. ઉપજાઉ જમીનના અભાવે મનુષ્યો અને પશુપક્ષીઓને ખૂબ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

વૃક્ષોનો વરસાદ સાથે પણ ગાઢ સંબંધ છે. તેનામાં રહેલી વિશેષ આકર્ષણ શક્તિને કારણે વાદળાં આકર્ષાય છે અને મન મૂકીને વરસે છે. વૃક્ષોના કપાવાની સાથે તે તે વિસ્તારમાં વરસાદનું પ્રમાણ પણ ઘટતું જશે. એવા અનેક વિસ્તારો છે જેમાં વૃક્ષોની ગીચતા અને હરિયાળીને કારણે ઘણો ભારે વરસાદ થતો હતો, પરંતુ ત્યાંનાં વૃક્ષો કપાતાં જ જમીન વૃક્ષવિહોણી ઉઘાડી થઈ ગઈ જેથી ત્યાં



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનાવૃષ્ટિને કારણે તે વિસ્તાર અછતગ્રસ્ત થઈ ગયો અને અનેક મુસીબતોનો સામનો કરવો પડયો. વૃક્ષો કાપવાથી થતા લાભોની તુલનામાં તેના કારણે થતું વનસ્પતિ અને વરસાદનું નુકસાન ઘણું વધારે છે.

એક તરફ જમીન અન્ય ઉપયોગો માટે અને લાકડું મેળવવા માટે વૃક્ષો કાપવાં જરૂરી છે, તો બીજી તરફ વૃક્ષો કપાતાં જ હવાના શુદ્ધીકરણની, વનસ્પતિના અવશેષોમાંથી મળતા ખાતરની, પક્ષીઓના આશ્રયસ્થાનની તથા તેને કારણે પક્ષીઓની સંખ્યા ઘટે પરિણામે પાકને નુકસાન કરતાં કીટકોની વૃદ્ધિ જેવી અનેક સમસ્યાઓ ઊભી થાય છે. વૃક્ષો ન હોવાથી જમીનને તેનાં મૂળ જકડી રાખતાં નથી, તેથી પવનથી તથા પાણીથી જમીનનું ધોવાણ થાય છે. ઓછા વરસાદને કારણે જે તે વિસ્તારમાં દુકાળ પડે છે અને ભૂખમરો સર્જાય છે. આ તો સાપે છછૂંદર ગળ્યા જેવી પરિસ્થિતિ છે. નથી તો છછૂંદરને મૂકી શકાતું કે નથી ગળી શકાતું. વૃક્ષને કાપવાં પણ જરૂરી છે અને વૃક્ષો કપાતાં એટલા



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નુકસાન વેઠવું પડે છે કે તેનાથી મળતા લાભો તો નિરર્થક જ બની રહે છે.

**વૃક્ષારોપણ**

આ સંકટના નિવારણ માટેનો એકમાત્ર ઉપાય છે વૃક્ષારોપણ. દરેક મનુષ્યમાં એક નવું વૃક્ષ વાવવાનો ઉત્સાહ જગાડવો જોઈએ. એકવાર ઉત્સાહ જાગૃત થયા પછી તેને અમલમાં મૂકતાં વાર નથી લાગતી. ખેતીવાડી સિવાય પણ ઘણી જમીન છે કે જ્યાં વૃક્ષો ઉગાડી શકાય.

સરકાર વનભૂમિને સુરક્ષિત રાખવા માટે પ્રયત્નો કરે છે. સડકની બંને બાજુ વૃક્ષો ઉછેરવાનો પ્રયત્ન પણ કરે છે, પરંતુ આટલું મોટું કાર્ય ફક્ત સરકાર પર છોડી દેવાથી કામ થતું નથી. તેના માટે જનસાધારણમાં રુચિ જગાડવી જોઈએ અને વૃક્ષોના સંવર્ધન માટે અદમ્ય ઉત્સાહ જાગૃત કરવો જોઈએ. આપણી મહત્ત્વાકાંક્ષાઓમાં વૃક્ષારોપણનું સ્થાન હોવું જ જોઈએ. જે રીતે પોતાનો કારોબાર, ધન, સન્માન, પ્રભાવ, યશ વગેરેની વૃદ્ધિ માટે જેટલો ઉત્સાહ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય છે તેટલો જ ઉત્સાહ વૃક્ષોનાં સંવર્ધન અને વૃક્ષારોપણ માટે હોવો જોઈએ. ઘરના આંગણામાં અને વરંડાની આસપાસ મોટેભાગે ખુલ્લી જમીન હોય છે. તેમાં શોભા, સૌંદર્ય, કલા અને સજાવટ માટે ફૂલ ઉગાડી શકાય છે. થાંભલાના આધારે છત કે છાપરાં પર વેલો ચઢાવીને પોતાના ઘરને કુદરતી સૌંદર્યથી સુસજ્જ બનાવી શકાય છે.

**શાકની વાડી**

મોટાં શહેરોમાં કે કસ્બાઓમાં મકાનની છત પર કે આંગણામાં ક્યાંય ખુલ્લી જગ્યા જોવા મળતી નથી. આવી પરિસ્થિતિમાં કૂંડાનો ઉપયોગ કરી શકાય છે. માટી કે સિમેન્ટનાં બનાવેલાં કૂંડાં બજારમાં તૈયાર મળે છે. જૂના ડબ્બાઓ, તેલના ટીન વગેરેને કાપકૂપ કરી રંગ લગાવવાથી સુંદર કૂંડા તૈયાર થઈ શકે છે. પેકિંગ માટે ઉપયોગમાં લેવાતી લાકડાની પેટીઓ કે તૂટેલા માટલાના હાંડલા પણ ઉપયોગમાં આવી શકે છે. તેમાં થોડી માટી અને ખાતર નાખો તો તેમાં પણ નાના નાના છોડ અને વેલાઓ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહેલાઈથી વાવી શકાય છે. તેમને જો નિયમિત પાણી આપવામાં આવે અને સારસંભાળ રાખવામાં આવે તો આપણું ઘર હરિયાળીથી અને રંગબેરંગી ફૂલોથી શોભી ઊઠે છે. આમાં એવો કોઈ મોટો ખર્ચ કે મહેનત કરવી પડતી નથી. હકીકતમાં આવી પ્રવૃત્તિ કરવામાં તો આપણી સર્જનાત્મક શક્તિ, કુશાગ્ર બુદ્ધિ અને કલાત્મક દૃષ્ટિનો વિકાસ થાય છે. તેની પાછળ લગની લાગવાથી મહેનત કરવાની ઇચ્છા થાય છે અને આળસ તથા પ્રમાદમાંથી છુટકારો મળે છે. આને કારણે આપણામાં જ નહીં પરંતુ આખા કુટુંબમાં જાગૃતિ, સ્ફૂર્તિ અને કંઈક કરી દેખાડવાનો ઉમંગ જાગૃત કરી શકાય છે. બાળકોને તો આવાં કાર્યો માટે ખૂબ જ ઉત્સાહ હોય છે. જો તેમને પણ આ દિશામાં પ્રોત્સાહિત કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો તેઓ ભાંગફોડિયા વૃત્તિ છોડીને એક સર્જનાત્મક કાર્યમાં લાગ્યા રહેશે.

ફૂલ અને વેલાની જેમ ઘરમાં શાકભાજી પણ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉગાડી શકાય છે .જેની પાસે જગ્યાની સગવડ હોય તેમણે ઋતુ પ્રમાણે શાકભાજી વાવવાં જોઈએ. સગવડ ન હોય તેઓ કૂંડા, ટોપલીઓ કે પેટીઓનો ઉપયોગ કરી શકે છે. હાથે ઉગાડેલી વસ્તુઓમાં એક ભાવનાત્મક આનંદ હોય છે. જો મકાનની છતનો વ્યવસ્થિત ઉપયોગ કરવામાં આવે તો એક નાના કુટુંબ પૂરતાં શાકભાજી ઉગાડી શકાય છે. આ રીતે કરેલી બચત પણ મહત્ત્વની છે. શાકભાજી ઉગાડવાથી થતા આર્થિક લાભ કરતાં પણ સૌથી મોટો લાભ તો એ થાય છે કે પરિવારના લોકોમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.

આદુ, લીલા મરચાં, ટામેટાં, ફુદીનો, કોથમીર, પાલક વગેરે ચટણી માટેની જરૂરી ચીજો તો દરેક ઋતુમાં બે ચાર કૂંડામાં ઉગાડવી જ જોઈએ જેથી ઉત્પાદનનો ગર્વ અને આનંદ સદાયે મળતો રહે છે. જેની પાસે જમીનની સગવડ નથી અને નોકરી ધંધાને કારણે સમય મળતો નથી તે લોકો પણ વનસ્પતિના ઉત્પાદનમાં આટલું યોગદાન તો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહેલાઈથી આપી શકે છે. આટલું તો દરેક વ્યક્તિ કરી શકે છે.

જેની પાસે જમીન છે તેનો અણઘડપણે ઉપયોગ કર્યા વિના એટલું ધ્યાનમાં રાખે કે તેનો ઉપયોગ વનસ્પતિ માટે કરવાનો છે. અનાજ, શાકભાજી, તલ, કપાસ વગેરેનું ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે માટે તેમણે સતત ચિંતન અને ઉત્સાહપૂર્ણ પ્રયત્નો કરવા જોઈએ. આમાં પણ કોનો પુરષાર્થ શ્રેષ્ઠ રહ્યો તેની સ્પર્ધા થવી જોઈએ. કોણે કયા પ્રકારની અને કેટલી વનસ્પતિ ઉગાડી તેને પ્રતિષ્ઠા અને પ્રતિસ્પર્ધાનો વિષય બનાવી તેમાં બાજી જીતવાની મહત્ત્વાકાંક્ષા દરેકમાં જાગૃત થવી જોઈએ.

સામૂહિક ખેડ, પાણી, ખાતર, બી અને રખેવાળીનો જાગૃત પુરુષાર્થ, ઉત્સાહ અને તત્પરતા સાથે આ ક્ષેત્રમાં કરવામાં આવે તો આજના પ્રમાણમાં આપણું પાક-ઉત્પાદન બમણું થઈ શકે છે. આ શ્રમયજ્ઞને પરિણામે મનુષ્ય અને પશુઓને વધારે ખોરાક મેળવવાનો અને તંદુરસ્ત થવાનો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અવસર પ્રાપ્ત થશે. આ પુણ્ય પરમાર્થ આપણા માટે પણ તત્કાળ સુપરિણામ ઉપસ્થિત કરશે. વધારે મહેનત કરવાથી વધારે કમાણી થશે અને પુરુષાર્થીને આત્મસંતોષ અનુભવવાનો, પ્રશંસા પામવાનો અને સમૃદ્ધ બનવાનો અવસર પ્રાપ્ત થશે.

જે જાતે ખેતી કરી શકતાં નથી અને ગમે તેને ભાગે વાવવા આપી દે છે તે લોકોએ ધરતીની ઉત્પાદનશક્તિની ઉપેક્ષા કર્યા વિના કે અવરોધ ઉત્પન્ન કર્યા વિના જે લોકો ખેતીમાં પૂરેપૂરું ધ્યાન આપી શકે અને મહેનત કરી શકે તેવા હોય તેમને વેચી દેવી જોઈએ. આનાથી વધારે ઉત્પાદન મેળવી શકાશે. ખેડૂતે અનાજની સાથેસાથે ફળો અને શાકભાજીની ખેતી માટે પણ વિચારવું જોઈએ. શાક અને ફળોની માનવજીવનમાં ઘણી આવશ્યકતા છે. ખેતીલાયક જમીનમાંથી અમુક ભાગ શાકભાજી તથા ફળોની ખેતી માટે જુદો રાખવો જોઈએ. જે રીતે કુટુંબના સ્વાસ્થ્ય-સંરક્ષણ માટે પશુપાલનની વ્યવસ્થા થાય છે તેવી જ રીતે ઘરના સભ્યોને શાકભાજી



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને ફળો પૂરતા પ્રમાણમાં મળતાં રહે તે પણ જરૂરી છે. અનાજ અને ઘીની જેમ શાકભાજી તથા ફળો પણ ભોજન માટે અગત્યનાં છે. જો આ બાબતને બરાબરે સમજી લો તો દરેક ખેડૂત અનાજ, કપાસ અને તલની જેમ શાકભાજી તથા ફળો ઉગાડવામાં પણ રસ કેળવશે. આનાથી આર્થિક લાભ પણ સારો થાય છે. મુશ્કેલી હોય તો ફક્ત એક વાતની છે કે આપણે બીબાંઢાળ પ્રક્રિયામાં ઢળતા રહીએ છીએ અને કંઈ નવીન વિચારવાનો કે કરવાનો ઉમંગ જાગૃત થવા દેતા નથી. જેવી રીતે ભોજનમાં વિવિધ વસ્તુઓ જરૂરી છે તેવી રીતે ખેતીવાડીમાં શાકભાજી અને ફળોને જરૂરી ગણવામાં આવે તો વર્તમાન કરતાં ભવિષ્ય કંઈક જુદું જ હશે. તેથી જ ઉત્પાદક બની પોતાના કુટુંબ પરિવારના સ્વાસ્થ્યની વૃદ્ધિ કરીશું અને આ ઉપયોગી ઊપજથી અનેકોને લાભાન્વિત કરીશું.

**ઘટાદાર વૃક્ષો ઉગાડો**

જેમની પાસે જમીન નથી તેમને પણ ખેડૂતોની



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેમ જ બળતણ માટે તથા ઇમારત અને અન્ય સાધનો માટે લાકડાંની જરૂર પડે છે. તેથી પડતર કે બિનઉપજાઉ જમીનનો ઉપયોગ બળતણનાં લાકડાં મળે તેવાં વૃક્ષો ઉગાડવામાં કરવો જોઈએ. આનાથી જમીનની શોભા વધશે, પવન અને પાણીથી થતું જમીનનું ધોવાણ અટકશે અને વરસાદ સારો પડશે તથા મનુષ્યો અને પશુપક્ષીઓની કેટલીયે જરૂરિયાતો સંતોષાશે. ખેતરોમાં પણ મનુષ્ય અને પશુઓને છાંયો મળે તે હેતુથી કેરી, જાંબુ, શેતૂર અને ફણસ જેવાં છાંયાદાર તથા ફળાઉ ઝાડ વાવી શકાય છે. જોકે આનાથી થોડીઘણી જમીન વપરાય છે પરંતુ સીંચ્યા કે ખેડ્યા વિના ફળોમાંથી આવક પણ થતી રહે છે. ખેતીની ઊપજ જેટલાં જ ફળાઉ વૃક્ષો અને બળતણ માટેનાં કે ઇમારતી લાકડાં માટેનાં વૃક્ષો પણ લાભદાયી હોય છે. કદાચ તેનાથી થોડોક ઓછો લાભ થાય તો પણ વૃક્ષોની બહુમુખી ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને તેને મહત્ત્વ આપવું જરૂરી છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ તો વ્યક્તિગત પ્રયત્નોની વાત થઈ. જમીન ધરાવતા ખેડૂતો અનાજ, શાકભાજી અને વૃક્ષોના ઉત્પાદન માટે શું કરી શકે છે તેની ચર્ચા થઈ. વાત આટલેથી પૂરી થતી નથી. હજુ તો આ દિશામાં સેવાભાવનાથી સાવર્જનિક પ્રયત્નોમાં ઉત્સાહ જગાવવાનો અને તેને સહકારી ધોરણે આગળ વધારવાની પણ જરૂર છે. જે રીતે મોટા મોટા ઉદ્યોગધંધા અને કારખાનાં મોટી રકમ એકઠી કરી મોટા પાયા પર ચલાવાય છે તેવી રીતે શાક, ફળ અને લાકડાં ઉગાડવા માટે સહકારી સમિતિઓ બનાવી ખૂબ મોટા પાયા પર તેનું ઉત્પાદન કરવું જોઈએ. ફક્ત ધ્યાન આકર્ષિત થવું જોઈએ. જો મોટા નફાની વાતને છોડી દઈને સમાજની જરૂરિયાતને પૂરી કરનારા ઉત્પાદનને મહત્ત્વ આપવામાં આવે તો શાક, ફળ અને જલાઉ લાકડાંની ઊપજ વધારવા માટે કેટલીયે નવી સંસ્થાઓ ઊભી કરવાની જરૂરત મહેસૂસ થશે. આયોજકોને કદાચ લૂંટમાર જેટલું ધન પ્રાપ્ત ન



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય પરંતુ આ ઉદ્યોગ દ્વારા સંતોષજનક કામચલાઉ લાભ અવશ્ય મેળવી શકાય છે.

**નર્સરી બનાવો**

જે તે વિસ્તારમાં સારી રીતે ઊગી શકે તેવાં વૃક્ષોના સારા છોડ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તેવી નર્સરી હોવી જોઈએ. ઋતુ ઋતુનાં ફળ અને શાકભાજીનાં બી નર્સરીમાંથી મળી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. નર્સરીમાં છોડ તૈયાર કરવાનું તથા બી વેચવાનું બંને કામ થાય. પહાડી જિલ્લાની અને જંગલોની જમીનને વ્યવસ્થિત કરી તેમાં વૃક્ષો વાવવાનું કામ અત્યારે તો મોટેભાગે સરકારનો વનવિભાગ સંભાળે છે. પરંતુ સહકારી સમિતિઓ જો આ કામ મોટા પાયા પર કરવા લાગે તો સરકારને તો લાભ મળશે જ, સાથેસાથે અનેક મનુષ્યોને એક નવો વ્યવસાય મળશે. વૃક્ષોની સાથેસાથે તેની સાથે જોડાયેલા અનેક ઉદ્યોગધંધા પણ વિકસશે. વન્ય પેદાશો જેવી કે રેશમ, લાખ, ગુંદર, કાથો, જડીબુટ્ટીઓ વગેરે, અને તે વિસ્તારમાં પશુપાલન



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ સહેલાઈથી થઈ શકશે. ખેતીલાયક જમીન ઘણી છે પણ અમુક જમીન એવા સ્થળે છે કે જ્યાં પહોંચવા તથા રહેવાની સગવડ ન હોવાને કારણે આબાદ થઈ નથી. આમ આ પ્રકારની બધી જમીનને સહકારી વૃક્ષઉત્પાદનની યોજના અંતર્ગત લઈ શકાય છે. સરકારી મદદ મળે તો આવા પ્રયત્નો વધુ સફળ થઈ શકે છે, સાથેસાથે દેશની આવક વધારવાનાં ઉત્સાહવર્ધક સાધનો અનાયાસે પ્રાપ્ત થાય છે. મિલો અને કારખાના જેટલી શક્તિ અને મગજ જો આ કામ માટે ઉપયોગમાં લેવાય તો બહુ મોટું કામ થઈ શકે. નાની નાની સહકારી સમિતિઓ સ્થાનિક સગવડ અને જરૂરિયાત મુજબ નાના પાયા પર કામ કરી શકે છે. શાકભાજી અને ફળોના ઉત્પાદન ક્ષેત્રથી તેને મોટાં નગરો સુધી લઈ જવા માટેની સગવડ કરવા ટ્રાન્સપોર્ટનો એક નવો ઉદ્યોગ ઊભો કરી શકાય છે. જેવી રીતે બીજા વ્યવસાયો વ્યક્તિગત રીતે કરવામાં આવે છે તેવી રીતે આ ઉદ્યોગ તરફ પણ ધ્યાન આપવામાં આવે તો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપયોગિતા અને આજીવિકાની દૃષ્ટિએ આ ઉદ્યોગ પણ ઘણો મહત્ત્વનો છે.

**સાર્વજનિક સંસ્થાઓ આગળ આવે**

સાર્વજનિક સેવા મંડળોએ બીજાં પરમાર્થનાં કામોની જેમ વૃક્ષારોપણને પણ લોકોપયોગી જનકલ્યાણનું કામ ગણી તેની તરફ ધ્યાન આપવું જોઈએ અને ઉત્સાહપૂર્વક કાર્ય કરવું જોઈએ આપણી આસપાસ એવા અનેક વિસ્તારો હોય છે જે અર્ધસરકારી અથવા તો વ્યક્તિગત હોવાને કારણે ઉપેક્ષિત પડ્યા હોય છે અને તેની ઉપેક્ષા થવાને કારણે તેમાં હરિયાળી ઉત્પન્ન કરવી શક્ય થતી નથી. આવાં સ્થળોએ હરિયાળી ઉગાડવાનું કામ સાર્વજનિક સેવા સંસ્થાઓએ પોતાના હાથમાં લેવું જોઈએ.

પંચાયતઘર, સ્કૂલ જેવાં સરકારી કે અર્ધસરકારી મકાનોની આસપાસ મોટેભાગે ખુલ્લી જગ્યા હોય છે તેમાં ગુલાબ, ગુલમહોર, ચાંદની, રાતરાણી વગેરે વાવી શકાય છે. લીંબુ, બોર,



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જમરૂખ, દાડમ, ફાલસા જેવાં ફળાઉ વૃક્ષો પણ થોડી ઘણી ખુલ્લી જમીન હોય ત્યાં વાવી શકાય છે. જ્યાં જગ્યાનો વધારે અવકાશ હોય ત્યાં કેરી, જાંબુ, શેતૂર, લીચી, ચીકુ જેવાં મોટાંમોટાં વૃક્ષો ઉછેરી શકાય છે. પાકી સડકો અને કાચા રસ્તાની આસપાસની ખુલ્લી જમીનમાં પણ નાનાં મોટાં વૃક્ષો વાવી શકાય છે. મોટાં મોટાં મકાનો કે બંગલાની આજુબાજુની ખાલી જગ્યાઓમાં પણ વૃક્ષો ઉછેરી ઉત્પાદન મેળવી શકાય છે.

આ બધું કરવામાં એક જ વાતની આશંકા રહે છે કે ઉત્પાદનકર્તા પોતાનો દાવો જાહેર કરી અને અધિકાર બતાવવા તથા લાભ લેવાનો પ્રયત્ન કરશે. જો આ માટે કોઈ લેખિત કે મૌખિક ગેરંટી આપવામાં આવે તો કોઈ પણ વ્યક્તિ પોતાની જમીનમાં વૃક્ષ ઉગાડવા માટે ઇન્કાર કરશે નહીં અને સેવા સંગઠનોને કોઈ પ્રકારની અડચણ ઊભી થશે નહીં. સડકના કિનારાની જમીન મોટેભાગે સરકારી નિર્માણ વિભાગની હોય છે. તેમની ઓફિસોમાં



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વૃક્ષારોપણ કાર્યની સૂચના આપવામાં આવે અને તેના ઉત્પાદન પર 'પોતાનો કોઈ હક નથી' તેવી લેખિત ગેરંટી આપવામાં આવે તો વૃક્ષો વાવવાની રજા સહેલાઈથી મળી જશે. આ રીતે જ ગ્રામપંચાયતો પાસેથી રજા લઈને ગામડાંના કાચા રસ્તાની આસપાસ પણ વૃક્ષો વાવી શકાય. આ ઉપરાંત સ્કૂલો અને અન્ય સાર્વજનિક સ્થળોએ જગ્યા મળવામાં કોઈ મુશ્કેલી પડતી નથી.

જ્યાં પણ વૃક્ષારોપણ માટે જરૂરી ખાલી જગ્યા હોય ત્યાં પ્રયત્ન કરવાથી તેમના માલિક પાસેથી સહેલાઈથી સ્વીકૃતિ મળી જાય છે. વૃક્ષ ઉગાડી તેના પર અધિકાર કરવાની કે લાભ મેળવવાની વૃત્તિ ન હોય અને વૃક્ષારોપણના સત્પરિણામથી ધરતીની શોભા વધારવાની તથા લોકમંગલની ભાવનાનું જ જો લક્ષ્ય હોય તો વૃક્ષારોપણ કરવા માટે દરેક સ્થળે પૂરતી જમીન મળી રહે છે અને આપણા જ વિસ્તારોમાં હજારો નવાં વૃક્ષો વાવવાં શક્ય બને છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજ કે છોડ વાવવાથી વૃક્ષારોપણનું કામ પૂરું થઈ જતું નથી. આ તો પહેલા દિવસનું પ્રાથમિક કાર્ય થયું. આ શુભારંભને લક્ષ્યપ્રાપ્તિ માની લેવાની ભૂલ ન કરવી. બાળકને જન્મ આપી માતાપિતાનું કર્તવ્ય પૂરું થઈ જતું નથી. તે ઉંમરલાયક થઈ સ્વાવલંબી બને ત્યાં સુધી તેના ભરણપોષણની જવાબદારી માતા-પિતા ઉઠાવે છે. બરાબર આ જ વાત વૃક્ષારોપણ માટે પણ લાગુ પડે છે. છોડ વાવ્યા પછી તેનાં ખાતર, પાણી, ગોડ અને રખેવાળીની વ્યવસ્થા કરવી જોઈએ અને છોડ વાવતી વખતે જ આ બધી વ્યવસ્થા વિચારી લેવી જોઈએ. આરોપણનું કામ તો ઉત્સાહપૂર્વક થઈ જાય છે પરંતુ તેના વિકાસ માટેની મહેનત તથા જવાબદારી ઉઠાવવાની વાત પણ શરૂઆતમાં જ નક્કી કરી લેવી જોઈએ. વાવેલા છોડને પશુઓ ખાઈ ન જાય તે માટે તેની ચારે બાજુ સૂકા કાંટાની, પથ્થરના ટુકડાની કે જ્યાં જેવી અનુકૂળતા હોય તે પ્રમાણેની વાડ બનાવી દેવી જોઈએ. ઋતુ અનુસાર આવશ્યકતા મુજબની



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સિંચાઈ કોણ કયાં સાધનો લાવી કેવી રીતે કરશે તેની વ્યવસ્થિત યોજના બનાવવી અને વૃક્ષારોપણના પવિત્ર કાર્યમાં જોડાયેલા હરિયાળી સેનાના સ્વયંસેવકો પોતાની જવાબદારી આળસ કે ઉપેક્ષા કર્યા વગર નિભાવતા રહે તો સમજી લેજો કે આ આરોપણ પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં સફળ થઈ શકશે.

લોકોમાં લોકસેવાની ભાવના જાગૃત કરી તેમના ઉત્સાહ મુજબ સ્વયંસેવક સંગઠનો ઊભાં કરવાં જોઈએ. આ પ્રકારનાં સંગઠનોમાં સભ્યસંખ્યા વધારતા રહેવું. શ્રમદાન દ્વારા માનવીય આદર્શોની અનુકરણીય પરંપરા સ્થાપિત કરવામાં જો સંખ્યા વધતી રહે તો ગ્રામસ્વચ્છતા અને વૃક્ષારોપણ જેવાં અનેક સમાજ ઉપયોગી કાર્ય યોજાતાં રહે છે. વૃક્ષારોપણ માટે જાતે શ્રમ કરવો અને તેનાથી થતા લાભો બીજાને સમજાવવા આ બંને કામો સાથેસાથે થવા જોઈએ. ફક્ત સ્વયંસેવકો જ દોડાદોડી કરે અને લોકો નિષ્ક્રિય રહે તો પણ કંઈ કામ થશે



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નહીં. સ્વયંસેવકો તો પોતાનાં કાર્યો દ્વારા ઉત્સાહ ઉત્પન્ન કરવાનું કે માર્ગદર્શન આપવાનું કામ જ કરી શકે છે. પરંતુ આખા દેશને હરિયાળીથી સભર બનાવવા માટે અને વનસ્પતિના ઉત્પાદન માટે તો પ્રત્યેક નાગરિકમાં વ્યક્તિગત અને સામાજિક જવાબદારી હોવી જ જોઈએ. હરિયાળી ફેલાવવાની સાથેસાથે શોભા, સૌંદર્ય, આરોગ્ય અને રાષ્ટ્રીય તથા માનવીય સમાધાનની દૃષ્ટિ જોડાય તો આ હેતુની પૂર્તિ સારી રીતે થઈ શકશે.

**લોકોમાં પ્રચાર થાય**

વૃક્ષારોપણ અને હરિયાળીના સંવર્ધનથી થતા લાભો જનસાધારણને સમજાવવા જરૂરી છે તેની સાથેસાથે વૃક્ષો અને વનસ્પતિના અભાવમાં પશુપક્ષી અને મનુષ્યો જીવનમરણની પ્રચંડ ભયંકરતામાં કેવા ફસાય છે તેનું ભાન કરાવવું પણ જરૂરી છે. સ્વચ્છ હવાના અભાવે પ્રાણીઓના શ્વાસ રૂંધાશે. (દમ ઘૂંટાશે). જમીનના ધોવાણને કારણે ફળદ્રુપ જમીન રેગીસ્તાનમાં ફેરવાતી જશે અને તેને કારણે ઓછા



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વરસાદરૂપે પ્રકૃતિનો દંડ ભોગવવો પડશે. ઋતુઓનું સંતુલન રહેશે નહીં. વરસાદની સાથેસાથે ઠંડી ગરમીમાં પણ અસંતુલન આવશે અને મનુષ્યનું અહિત થશે.

પ્રાકૃતિક સૌંદર્યનો મોટાભાગનો વૈભવ વનસંપત્તિ પર આધારિત છે. બાગબગીચા નષ્ટ થઈ જાય, વૃક્ષ છોડ રહે નહીં તો આ ધરતી કેવી કુરૂપ લાગશે તેનો અનુભવ તો રેગીસ્તાન જેવા મહામરુ-સ્થળોમાં જઈને જ કરી શકાશે. આ પ્રદેશો સ્મશાન જેવા નિષ્પ્રાણ અને ભયાનક લાગે છે માટે શોભા અને સૌંદર્યની દૃષ્ટિએ વૃક્ષ છોડને જ પ્રથમ સ્થાન આપવું જોઈએ. વાળ ઓળવા, કપડાં ધોવાં, પોતાં કરવાં વગેરે ઘરનાં રોજિંદાં કામોની જેમ ઘરમાં હરિયાળી વાવવી, વેલા અને ફૂલો ઉગાડવા પણ દૈનિક કામ ગણી લેવાં, ઓરડામાં ટીંગાડાતાં ચિત્રો પણ મોટેભાગે પ્રાકૃતિક દૃશ્યોના જ હોય છે. આ રુચિ ચિત્રો સુધી સીમિત ન રાખતાં, બની શકે તો પ્રત્યક્ષ કરીને તેનાથી મળતી સિદ્ધિઓનો લાભ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મેળવી શકાય છે.

ભારતીય ધર્મશાસ્ત્રોમાં વૃક્ષારોપણને ખૂબ મહત્ત્વનું તેમજ પુણ્યકાર્ય ગણવામાં આવ્યું છે. શ્રાવણ મહિનામાં હરિયાળી અમાવસ્યા અને હરિયાળી ત્રીજ નવાં વૃક્ષો વાવવા માટે જ વિશેષ મહત્ત્વ ધરાવે છે. વર્ષાઋતુમાં નવા છોડ સહેલાઈથી ઊગી શકે છે, તેથી વધારે ન બને તો દરેકે પોતાના ઘરમાં તુલસી વાવી તેને નિત્ય જળ અર્પવા જેટલું ધર્મકાર્ય કરવાનો રિવાજ તો હજુ પણ છે. તુલસી એક આરોગ્યવર્ધક છોડ છે. ઘરમાં વાયુશુદ્ધિ અને કીટાણુઓનો નાશ તથા વાતાવરણમાં સાત્ત્વિકતા તથા અનેક બીમારીઓમાં ઉપયોગી ઔષધિનું કામ તુલસી કરે છે. તુલસી વાવવા પાછળ વૃક્ષારોપણની પ્રેરણા રહેલી જ છે. અગાઉ બ્રાહ્મણો પોતાના ઘરમાં તુલસી વાવી હરિયાળી અમાસના દિવસે યજમાનના ત્યાં જઈ તેની સ્થાપના કરતા હતા. જે ઘેર તુલસી ન હોય ત્યાંનું અનાજ તેમના માટે વર્જ્ય હતું. આ પરંપરાને કારણે વૃક્ષ છોડનું મહત્ત્વ અને તેની



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્થાપનામાં ધર્મભાવનાનો સમાવેશ થતો હતો.

દેવતા અને પિતૃઓના નામે તેમની આત્માની શાંતિ અને કીર્તિ માટે સ્મારકરૂપે વૃક્ષો વાવવાં પણ ધાર્મિક માન્યતામાં આવે છે. ધનવાન લોકો પોતાના પૂર્વજોની સ્મૃતિમાં ધર્મશાળા, મંદિર, તળાવ, પુસ્તકાલય, કૂવા વગેરે બંધાવે છે. સર્વસાધારણ માટે આ ભૂમિકા સરળ છે પરંતુ પોતાના અથવા પોતાના પૂર્વજોની સ્મૃતિરૂપે કેટલાયે લોકો વડ, પીપળો, આંબળા જેવાં વૃક્ષો વાવે છે. તેનાથી અન્નક્ષેત્રની જેમ કેટલાયને પોષણ મળે છે અને ધર્મશાળાની જેમ અનેકોને આશ્રય મળે છે. ગીતામાં ભગવાને 'અસ્વત્થ સર્વ વૃક્ષાયાં' કહીને પીપળો વાવવો એ એક દેવાલયના નિર્માણ જેટલું પુણ્યપરમાર્થનું કામ ગણ્યું છે. વૃક્ષોને કર્ણ, દધીચિ, હરિશ્ચંદ્ર, મોરધ્વજ અને ગલિવંજિશ્રવા જેવા આત્મદાનીઓ સમાન ગણવામાં આવે છે. તેઓ પરોપકાર માટે જ ફૂલેફાલે છે અને જીવન બક્ષે છે. તેની છાયામાં થાકેલાં પ્રાણીઓ આશ્રય મેળવે છે.



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાચીનકાળમાં તો જંગલોમાં વૃક્ષોની છાયામાં જ મોટાં મોટાં ગુરુકૂળો ચાલતાં હતાં. ઋષિની ઝૂંપડી પણ વૃક્ષોની છાયામાં જ બનતી. અત્યારે તો ઝૂંપડીઓ ગરીબોના નિવાસ માટે સુરક્ષિત મકાનની ગરજ સારે છે.

વૃક્ષોને વાવી અને તેનો ઉછેર કરવામાં સંતાનના પાલન જેટલો જ આનંદ આવે છે. મનુષ્ય પોતાના મનોરંજન માટે અનેક પ્રકારનાં પશુપક્ષીઓને પાળે છે. પક્ષીઓને પાંજરામાં કેદ કરનારા અને પશુઓને દોરડાંથી બાંધીને પોતાનું મનોરંજન કરનારા લોકો જો ઘરેલુ બગીચો બનાવવાની અને ફૂલ વેલા ઉગાડવાની વાત વિચારે તો કોઈપણ પ્રાણીને બંધનમાં બાંધ્યા વગર મનોરંજન મેળવવા માટેનો સ્વસ્થ અને ઉદાર આધાર પ્રાપ્ત થાય છે. ઉછરતાં વૃક્ષોને ઉછેરવાનો આનંદ કંઈક જુદો જ હોય છે.

જડીબુટ્ટીઓ આયુર્વેદિક ઔષધોનો મુખ્ય આધાર છે. આજે સાચી અને તાજી જડીબુટ્ટીઓ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળવી મુશ્કેલ છે. પરિણામે આપણા ચિકિત્સાશાસ્ત્રની ઉપયોગિતા ઘટી રહી છે. જો જડીબુટ્ટીઓ ઉગાડવાનું કામ હાથમાં લેવામાં આવે તો, એલોપથીની દવાઓ કરતાં અસલી અને તાજી જડીબુટ્ટીઓમાંથી બનેલી ઔષધિઓ વધારે નિર્દોષ અને ગુણકારી હોય છે. ઉત્પાદનનો લાભ અને યશ પ્રાપ્ત કરવાની સાથેસાથે જનસાધારણની મહત્ત્વપૂર્ણ સેવા કરવાનો અવસર પણ મળે છે.

આપણા દેશમાં ફળો કેટલાં મોંઘાં અને ઓછાં મળે છે. આ જ વાત સૂકા મેવા માટે પણ છે. હજુ સુધી બહારથી આયાત કરવા પડે છે. જો ફળોના બગીચા અને સૂકામેવાનાં વૃક્ષો ઉછેરવાનું કામ આયોજનપૂર્વક કરવામાં આવે તો આર્થિક લાભની સાથેસાથે પૌષ્ટિક ખાદ્યની જરૂરિયાત પણ પૂરી થઈ શકે છે. અફીણ અને તમાકુ જેવા નુકસાનકારક પદાર્થોની ખેતી કરનારા અને દારૂ-સિગારેટના ઉદ્યોગો ચલાવનારા પોતાની પૂંજી અને બુદ્ધિ જો ફળ અને સૂકા મેવાના ઉત્પાદનમાં લગાડી શકે તો



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેનાથી તેમનો સ્વાર્થ તથા પરમાર્થ એમ બંને હેતુ સરી શકે છે. વૃક્ષારોપણનું પુણ્ય દર્શાવાતાં વિષ્ણુ સ્મૃતિમાં કહેવાયું છે કે -

**વૃક્ષારોપયિતુર્વૃક્ષાઃ પરલોકે પુત્રા ભવન્તિ ।**
**વૃક્ષપ્રદો વૃક્ષપ્રસૂનનૈદ્દેંવાહે પ્રીણયતિ -**
**ફલૈશ્ચતિથીન્ છાયયાચાભ્યાગતાન્**
**દેવે વંષત્યુદકેન પિતૃન ।**
**પુષ્પ પ્રદાનેન શ્રીમાન ભવતિ ।**
**કૂપારામતડાગેષુ દેવતાતતનેષુ ચ ।**
**પુનઃ સંસ્કારકર્તા ચ લભતે મૌલિક ફલંમ્ ॥**

અર્થાત્ - જે મનુષ્ય વૃક્ષો વાવે છે તે વૃક્ષ પરલોકમાં તેના પુત્ર બનીને જન્મે છે. વૃક્ષોનું દાન કરનારા વૃક્ષોનાં પુષ્પો દ્વારા દેવોને પ્રસન્ન કરે છે. ફળોથી અતિથિઓને સંતુષ્ટ કરે છે અને વરસાદ વરસતાં છાયા દ્વારા મહેમાનોને અને પાણીથી પિતૃઓને પ્રસન્ન કરે છે. ફૂલોનું દાન કરવાથી સમૃદ્ધશાળી બને છે. કૂવા, બગીચા, તળાવ અને દેવાલયોનો જીર્ણોદ્ધાર કરનાર વ્યક્તિ મૌલિક ફળ



Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મેળવે છે. અર્થાત્ તેનું નૂતન નિર્માણ કરવા જેટલું જ પુણ્યફળ મેળવે છે.

આનાથી ઊલટું વૃક્ષોના નાશ કરનારની નિંદા કરવામાં આવી છે. ઋગ્વેદમાં ઋષિએ કહ્યું છે -

**મા કા કમ્બીરમુહ હો વનસ્પતિન-**
**શસ્તોર્વિ હિ નીનશઃ ।**
**મોત સૂરો અહ એવા જન ગ્રીવા**
**આદધતે વેઃ ॥**

ઋગ્વેદ ૦૬/૪૮/૧૭

અર્થાત્ - દુષ્ટ બાજ પક્ષી જેવી રીતે બીજાં પક્ષીઓની ગરદનને મરોડીને તેમને દુઃખ દે છે અને મારી નાખે છે, તમે એવાં ન બનો, આ વૃક્ષોને દુઃખ ન દો અને પશુપક્ષીઓ અને જીવજંતુઓને શરણ આપનારનો નાશ ન કરો.

વૃક્ષો અને વનસ્પતિના સરળ ઉત્પાદનમાં સ્વાર્થ પરમાર્થનો સમન્વય અનન્ય છે. આવા ઉપયોગી કાર્ય માટે લોકોના મનમાં અદમ્ય ઉત્સાહ જાગૃત કરવો જ જોઈએ.

● ● ● ● ● ● ● ● ●

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/ Download & Order 3000+ books on all aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાઓના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન-જનને વંચાવવાં તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિઃશુલ્ક મંગાવો.

---

**પ્રાપ્તિસ્થાન :**
ગાયત્રી જ્ઞાનપીઠ,
જૂના વાડજ, અમદાવાદ
ટે.નં. ૨૭૫૫૭૨૫૨

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા – ૩
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮
૨૫૩૦૩૯૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org

Free Read/ Download & Order 3000+ books on all aspects of life
in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org